# ગાયો ચરાવવા ગયેલી માસૂમને પીંખી ઘાતકી હત્યામાં બે નિર્દોષ

**આરોપી** તરફે લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સિલના વકીલ હાજર થયા હતા

## પુરાવાની કડીઓ જોડવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ

આ ગંભીર કેસમાં પોલીસ તપાસની સામે બચાવ પક્ષના વકીલે ગંભીર પ્રશ્નો ઉપસ્થિત કર્યા હતા. બચાવ પક્ષના વકીલ અંજનાબેન પંચોલીના જણાવ્યા મુજબ આ કેસમાં જે લેગીંજ પર સીમેન મળી આવ્યું હતું એ લાશથી દૂર હતું. મૃતકનાં શરીર પરથી સિમેન મળી આવ્યાંનો કોઈ રિપોર્ટ ન હતો. એટલે આરોપીને ફિટ કરવા માટે પાછળથી ઊભું કર્યું હતું. નજરે જોનારા સાક્ષી ન હતાં.

સુરતઃ ઉમરપાડાનાં જંગલમાં ગાયો ચરાવવા ગયેલી માસૂમ બાળાને પીંખી નાંખી ઘાતકી હત્યા કેસમાં ફરિયાદ પક્ષે સરકાર કેસ પુરવાર કરવામાં નિષ્ફળ જતાં બે આરોપીને પોક્સો કોર્ટે શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

આ ચકચારીત ઘટનાની વિગત એવી હતી કે ઉમરપાડાના ખેડૂતની ૧૧ વર્ષીય પૌત્રી તા.૨૦/૦૬/૨૦૨૪ ના રોજ સવારે જંગલમાં ગાયો ચરાવવા માટે ગયા બાદ તેની લાશ મળી આવી હતી. આ કેસમાં પોલીસે આરોપી ફતેસિંગ રમેશ વસાવા અને આરોપી ફતેસિંગે આચરેલાં ગંભીર ગુના અંગે જાણકારી હોવા છતાં ગુનાને છુપાવી આરોપીને મદદગારી પુરી પાડનાર બહાદુરસિંગ વસાવાની ધરપકડ કરી કરી હતી. આરોપીઓની પૂછપરછ અને તપાસ દરમિયાન આરોપી ફતેસિંગ ભોગ બનનાર એકલી ગાયો ચરાવવા આવે તેનો મોકો શોધતો હતો અને બનાવના દિવસે આરોપી ફતેસિંગે જંગલના પાણીના કોતર પાસે તે છોકરીને એકલી જોઈ પાછળ ગયો હતો. આરોપીએ શરીર સંબંધ બાંધવાની વાત કરતાં ભોગ બનનારે ના પાડી હતી. પરંતુ આરોપીએ રૂમાલથી ભોગ બનનારનાં મોઢે ડૂચો મારી બન્ને હાથ રૂમાલથી બાંધી દીધાં હતાં અને ડુંગરના વચ્ચેના ભાગે લઇ જઈ બળજબરીથી બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ છોકરીનું ગળુ દબાવી મારી નાંખી હતી. લાશને ડુંગરની નીચે પાણીના કોતરનાં પાણીમાં નાંખી દીધી હતી. પરંતુ કોતરમાં પાણી ઓછું હોવાથી શરીર બહાર દેખાતું હોય આરોપીએ લાશ બહાર કાઢી મૃત શરીર સાથે ફરી સંબંધ બાંધ્યો હતો. આરોપી ફતેસિંગ તરફે લીગલ એઈડ ડીફેન્સ કાઉન્સિલ ના વકીલ અંજનાબેન પંચોલી હાજર થયા હતા.

# અમદાવાદના છ વેપારીની સુરતના બે વેપારી સાથે 74 લાખની છેતરપિંડી

**પ્રારંભે** સમયસર નાણાં ચૂકવી ભરોસો ઉત્પન્ન કર્યા બાદ મોટી રકમ થતાં હાથ ઊંચા કરી દીધા

### કોની પાસેથી કેટલાં નાણાં લેવાના બાકી?

| | |
|---|---|
| સુશીલ શર્મા | 30,52,372 |
| મનીષ પ્રજાપતિ | 06,55,126 |
| છગન | 05,25,000 |
| જગદીશ | 02,78,092 |
| હસમુખ | 01,97,692 |

સુરતઃ સુરતના કાપડના બે વેપારી સાથે અમદાવાદના પાંચ વેપારી અને કાપડ દલાલે મળી કુલ રૂ.74,31,359ની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ વરાછા પોલીસ મથકમાં નોંધાઈ છે. જેની તપાસ આર્થિક ગુના નિવારણ શાખાની ટીમ કરી રહી છે, જેમાં એક વેપારી સાથે રૂ.45,08,282 અને બીજા વેપારી સાથે રૂ.27,23,077ની છેતરપિંડી કરી હોવાનું જણાવવામાં આવ્યું છે.

રિંગ રોડ સ્થિત ગ્લોબલ માર્કેટમાં સંભવ ફેશનના નામે વેપાર કરતા અમૃતલાલ કૈવલચંદ જૈન (ઉં.વ.36) (રહે.,અંતરિક્ષ એવન્યુ, પાલ ગામ) એ વરાછા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ છેલ્લાં બે વર્ષથી તે અને તેના ભાઈ મોતીભાઈ જૈન સાડીનો વેપાર કરી રહ્યા છે. જેમના વેપારનો વ્યાપ વધારવા માટે સેલ્સમેન તરીકે મુકેશસિંગ અલગ અલગ વેપારીઓ અને કાપડ દલાલનો સંપર્ક કરી સેમ્પલ બતાવી ઓર્ડર લેતા હતા. જેનો સંપર્ક અમદાવાદના કાપડ દલાલ ધનંજય ઉર્ફે નીતિન પાંડે સાથે થયો હતો. જેણે અમદાવાદના અનેક વેપારીઓ પોતાના સંપર્કમાં હોવાનું કહી મોટી રકમના ઓર્ડર અને નાણાં સમયસર આપવાનો ભરોસો આપ્યો હતો.

આ કાપડ દલાલ અમદાવાદના કાપડના વેપારી કમલ ઈમ્પેક્સના ભાગીદાર સુશીલ શર્માને સંભવ ફેશનમાં લાવ્યો હતો અને ઓર્ડર મેળવ્યો હતો. આ રીતે તે ક્રમશઃ ક્રિષ્ના કોર્પોરેશનના મનીશ પ્રજાપતિ, પૂજા ટેક્સટાઈલના છગન, માતા રાની ટ્રેડર્સના જગદીશ અને જયશ્રી ટ્રેડર્સના હસમુખ નામના કાપડના વેપારીને લઈ સંભવ ફેશનમાં આવ્યો હતો અને સમયાંતરે અલગ અલગ સામાન પણ ઓર્ડર મુજબ મોકલી આપ્યો હતો. આ તમામે પ્રારંભિક તબક્કે થોડી રકમ સમયસર ચૂકવ્યા બાદ મોટી રકમ એટલે કે રૂ.74,31,359 થતાં નાણાં ચૂકવવાનું બંધ કરી છેતરપિંડી આચરી હોવાનું ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે.

ફરિયાદમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, આ ટોળકીએ સંભવ ફેશનના માલિક ઉપરાંત તેમના મિત્ર કાપડના વેપારી વંશ આનંદ શર્મા સાથે રૂ.45 લાખની છેતરપિંડી કરી છે. આ ઘટના વરાછા વિસ્તારમાં બની હોવાથી વરાછા પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી છે.

# વેકેશનના ધસારાને કારણે ઉધના- મધુબની ટ્રેન દોડશે

**બિહારના** મધુબની સુધી જનારી ટ્રેન દર રવિવારે ઉધનાથી ઉપડશે

### સમયપત્રક અને રૂટ ની વિગત

1 ટ્રેન નંબર 09067: રવિવારે સવારે 05:30 કલાકે ઉધનાથી ઉપડી સોમવારે સાંજે 19:00 (07:00) કલાકે મધુબની પહોંચશે.

2 ટ્રેન નંબર 09068: સોમવારે રાત્રે 20:00 (08:00) કલાકે મધુબનીથી ઉપડી બુધવારે સવારે 09:35 કલાકે ઉધના પરત ફરશે.

સુરતઃ ઉનાળુ વેકેશનના પ્રારંભની સાથે જ વતન જનારા મુસાફરોની ભારે ભીડને ધ્યાને રાખી પશ્ચિમ રેલવે દ્વારા વધુ એક રાહતના સમાચાર આપવામાં આવ્યા છે. મુસાફરોની વધારાની ભીડને હળવી કરવા માટે રેલવે તંત્ર દ્વારા ઉધનાથી મધુબની (બિહાર) વચ્ચે સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રેલવે બોર્ડની મંજૂરી બાદ આગામી રવિવારના રોજ ઉધનાથી આ સ્પેશિયલ ટ્રેન રવાના થશે.

રેલવેના સત્તાવાર જાહેરનામા મુજબ, ટ્રેન નંબર 09067 ઉધના-મધુબની સ્પેશિયલ ટ્રેન દર રવિવારે ઉધનાથી ઉપડશે. જ્યારે પરતમાં ટ્રેન નંબર 09068 મધુબની-ઉધના સ્પેશિયલ દર સોમવારે મધુબનીથી રવાના થશે. આ ટ્રેન સંપૂર્ણપણે અનરિઝર્વ્ડ (જનરલ) કોચ ધરાવતી ટ્રેન હશે, જેનો લાભ સામાન્ય વર્ગના મુસાફરો લઈ શકશે.આ ટ્રેન 19 એલએચબી (LHB) કોચ સાથે દોડશે, જેમાં 14 સ્લીપર કલાસના (અનરિઝર્વ્ડ), 3 જનરલ કોચ અને 2 ગાર્ડ-બ્રેકવાન કોચનો સમાવેશ થાય છે. મુસાફરી દરમિયાન આ ટ્રેન નંદુરબાર, ઈટારસી, જબલપુર, કટની, સતના, પંડિત દીનદયાલ ઉપાધ્યાય જંક્શન, પટના, બરૌની અને સમસ્તીપુર જેવા મહત્વના સ્ટેશનો પર ઉભી રહેશે. રેલવે તંત્ર દ્વારા આ ટ્રેનની જાહેરાત સ્ટેશનો પર કરવામાં આવશે જેથી મુસાફરો તેનો મહત્તમ લાભ લઈ શકે.

# RTEમાં પ્રવેશ માટે ફોર્મની મુદત ૨૩ એપ્રિલ સુધી વધી

**સુરત** શહેરમાં ૩૧,૫૯૪થી વધુ અને ગ્રામ્ય વિસ્તારમાં ૮,૭૬૨થી વધુ ફોર્મ ભરાયાં

### સુરતમાં ભરાયેલા ફોર્મની વિગતો (૧૭ એપ્રિલ સાંજે ૬ વાગ્યા સુધીના આંકડા)

| સુરત શહેર | કુલ ફોર્મ ભરાયા |
|---|---|
| | ૩૧,૫૯૪ |
| મંજૂર | ૨૩,૦૦૧ |
| નામંજૂર | ૧,૨૩૮ |
| રદ | ૪,૯૬૧ |
| ચકાસણી બાકી | ૨,૩૯૪ |
| **સુરત ગ્રામ્ય** | **કુલ ફોર્મ ભરાયા** |
| | ૮,૭૬૨ |
| મંજૂર | ૫,૪૦૧ |
| નામંજૂર | ૫૪૭ |
| રદ | ૨,૪૨૬ |
| ચકાસણી બાકી | ૩૮૮ |

સુરતઃ રાઈટ ટુ એજ્યુકેશન (આરટીઇ) એક્ટ હેઠળ નબળા અને વંચિત વર્ગના બાળકોને ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧માં મફત પ્રવેશ મેળવવા માટે ઓનલાઈન ફોર્મ ભરવાની અંતિમ તારીખને વધારીને ૨૩ એપ્રિલ ૨૦૨૬ કરવામાં આવી છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટેની આ પ્રક્રિયામાં પ્રારંભિક અંતિમ તારીખ ૧૭ એપ્રિલ હતી, જેને હવે છ દિવસ વધારી દેવામાં આવી છે. આ લંબાવણીથી વધુને વધુ લાયક બાળકોને અરજી કરવાની તક મળશે.

# મુંબઈથી આવેલી યુવતીનો ખુદ બહેનપણીના ઘરમાં જ હાથફેરો

**પાલનપુરમાં** દંપતી કચરો નાંખવા ગયું ને કલાકમાં 91 હજારના દાગીના લઈ મુંબઈ ભાગી છૂટી

સુરતઃ પાલનપુર જકાતનાકા પાસે રહેતી એક મહિલાના ઘરે રોકાવા આવેલી મુંબઈની બહેનપણીએ ઘરના લોકોની ગેરહાજરીનો લાભ ઉઠાવી કબાટમાંથી 91 હજારની કિંમતના સોનાના દાગીનાની ચોરી કરી પલાયન થઈ ગઈ હતી.

રાંદેરના પાલનપુર જકાતનાકા પાસે માઈલસ્ટોન સિરામિકની સામે આવેલી દિન દયાળ સોસાયટીમાં મેલવિન કેવીનભાઈ સિકવેરા તેમના પરિવાર સાથે રહે છે. તેમના પત્ની ઉપાસનાબેન ઘરે ટ્યુશન ક્લાસીસ ચલાવે છે. ઉપાસનાબેનની મિત્ર હેતલબેન વિજયભાઈ વ્યાસ (રહે., વિઘ્નેશ્વર હાઈટ્સ, મહારાષ્ટ્ર હાઉસિંગ બોર્ડ, અંધેરી વેસ્ટ, મુંબઈ) અવારનવાર સુરત તેમને મળવા આવતી હતી અને આ દંપતીના ઘરે જ રોકાતી હતી. ગત તા. 12/4/2026ના રોજ સવારે હેતલબેનને મુંબઈ પરત જવાનું હતું. સવારે 6 વાગ્યાના અરસામાં હેતલ તૈયાર થઈ રહી હતી ત્યારે ઉપાસનાબેને તેમને જણાવ્યું હતું કે, તું તૈયાર થા, અમે કચરો નાખી અને નાળિયેર પાણી લઈને હમણાં જ આવીએ છીએ. મિત્રતાના અતૂટ ભરોસે દંપતી ઘર ખુલ્લું મૂકીને બહાર ગયું હતું. આ એક કલાકના સમયગાળામાં જ હેતલે પોતાનું અસલી રૂપ બતાવ્યું હતું. ઘરમાં કોઈ નથી તેનો લાભ લઈ તેણે કબાટમાં તપાસ કરી સોનાનું બ્રેસલેટ, સોનાની વીંટી અને સોનાનું પેન્ડલ મળી કુલ રૂ. 91,000ની મત્તા ચોરી લીધી હતી. દંપતી જ્યારે ઘરે પરત આવ્યું ત્યારે હેતલ સામાન્ય રીતે વર્તીને મુંબઈ જવા રવાના થઈ ગઈ હતી. જોકે, બીજા દિવસે જ્યારે ઉપાસનાબેને કબાટ ચેક કર્યો ત્યારે સોનાના દાગીના ગાયબ જોઈ તેમના હોશ ઉડી ગયા હતા. વિશ્વાસઘાતનો ભોગ બનેલી મહિલાએ રાંદેર પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો. પોલીસે ઉપાસનાબેનની ફરિયાદના આધારે મુંબઈની હેતલ વ્યાસ સામે ચોરીનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પરિણીતાને ફસાવી મુંબઈના યુવાનનું લગ્નની લાલચે દુષ્કર્મ

**પરિણીતા** સોશિયલ મીડિયા પ્લેટફોર્મ મારફતે મુંબઈના સુશીલ પાલના સંપર્કમાં આવી હતી

**સુશીલ** પરિણીતાને મુંબઈ લઈ ગયો અને ફેક્ટરીમાં નોકરીએ લગાડી તેનું શોષણ કર્યું

સુરતઃ સુરતના પુણા વિસ્તારમાં રહેતી એક પરિણીતા આવી જ ઇન્સ્ટાગ્રામની માયાજાળમાં ફસાઈ હોવાની આઘાતજનક વિગતો પ્રકાશમાં આવી છે. મુંબઈના એક યુવકે પરિણીતાને નોકરી અપાવવાની અને લગ્ન કરવાની લાલચ આપી સુરતથી મુંબઈ લઈ જઈ સતત શારીરિક શોષણ કર્યું હતું. અંતે લગ્નનો ઇનકાર કરી યુવક પલાયન થઈ જતાં પીડિતાએ ન્યાય માટે પોલીસના દ્વાર ખખડાવ્યા છે.

પુણા વિસ્તારમાં પોતાના પિયરે રહેતી એક પરિણીતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ મારફતે મહારાષ્ટ્રના મુંબઈ (કાંદીવલી વેસ્ટ) સ્થિત ભંગારવાળી ગલીમાં રહેતા સુશીલ છોટઈ પાલ નામના યુવકના સંપર્કમાં આવી હતી. બંને વચ્ચે વાતોનો સિલસિલો શરૂ થયો હતો.

સુશીલે પરિણીતાની નબળી આર્થિક સ્થિતિનો લાભ લેવા માટે તેને મુંબઈમાં સારી નોકરી અને કામધંધો અપાવવાની લાલચ આપી હતી. યુવકે પરિણીતાને વિશ્વાસમાં લઈ પ્રેમજાળમાં ફસાવી દીધી હતી. વર્ષ ૨૦૨૫ દરમિયાન આરોપી સુશીલ પાલ પરિણીતાને મળવા માટે ખાસ મુંબઈથી સુરત આવ્યો હતો. અહીં તેણે પરિણીતાને પોતાની વાતોમાં ભોળવી, લગ્ન કરવાનું પાકું વચન આપ્યું હતું.

આ લગ્નની લાલચ હેઠળ તેણે પરિણીતાની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધો બાંધ્યા હતા. ભોળી પરિણીતા તેના પર વિશ્વાસ રાખી બેસી હતી કે આ યુવક તેની સાથે લગ્ન કરીને તેને સુખી રાખશે. ત્યારબાદ સુશીલ પરિણીતાને મુંબઈ લઈ ગયો હતો. ત્યાં તેણે પરિણીતાને એક બ્રેડ બનાવવાની ફેક્ટરીમાં નોકરીએ લગાડી દીધી હતી.

મુંબઈમાં વસવાટ દરમિયાન પણ સુશીલે અવારનવાર પરિણીતા સાથે લગ્નના બહાને શારીરિક સંબંધો બાંધી તેનું સતત શોષણ ચાલુ રાખ્યું હતું. જોકે, જ્યારે પરિણીતાએ લગ્ન માટે દબાણ કર્યું, ત્યારે સુશીલે પોતાનું અસલી રૂપ બતાવ્યું હતું. પરિણીતાએ લગ્નનું કહેતા જ સુશીલે ઉગ્ર ઝઘડો કરી તેને તરછોડી દીધી હતી અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. વિશ્વાસઘાત અને શોષણનો ભોગ બનેલી પરિણીતાએ હિંમત હાર્યા વગર આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ ગુનો મહારાષ્ટ્રમાં નોંધાયા બાદ ટેકનિકલ કારણોસર સુરતના પુણા પોલીસ મથકે ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. હાલમાં પુણા પોલીસ મથકના પીએસઆઈ એન.ડી. વેકરીયાએ આ મામલે ગુનો નોંધી આરોપી સુશીલ પાલને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સુરતમાં ગરમી...

વાદળછાયા વાતાવરણ જોવા મળ્યું હતું, છતાં તાપમાનમાં ઘટાડો થવાને બદલે વધારો નોંધાયો હતો. પરિણામે શહેરમાં ઉકળાટ વધુ વધી ગયો હતો. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી દિવસોમાં પણ તાપમાન ઊંચું રહેવાની શક્યતા છે, જેથી નાગરિકોને સાવચેતી રાખવા અને અનાવશ્યક બહાર નીકળવાનું ટાળવા સલાહ આપવામાં આવી રહી છે.

### ખાડીપૂર...

દ્વારા આગામી સપ્તાહમાં કામ કરવાનું શરૂ કરી દેવાશે. આ ઉપરાંત, રાજ્ય સરકારના ડ્રેનેજ વિભાગ નંબર-2 દ્વારા ખજોદ વિસ્તારમાં કાંકરા ખાડીની આસપાસ આશરે 41 ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલા ઝીંગા તળાવો દૂર કરવાની કામગીરી પણ હાથ ધરાઈ છે. મિંઢોળા નદીને મળતી ખાડીની સફાઈ સહિતની આ તમામ કામગીરી મે-2026 સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

### અમદાવાદનો આસારામનો...

202 હેઠળ આશ્રમને નવી નોટિસ આપવામાં આવશે અને ત્યારબાદ જમીનનો કબજો સરકાર સંભાળશે.

### સૂર્યની આજુબાજુ...

(SunHalo) સર્જાતા શહેરીજનોમાં ભારે આશ્ચર્ય અને કુતૂહલ જોવા મળ્યું હતું. વિજ્ઞાનની દ્રષ્ટિએ આ એક વાતાવરણીય ઘટના હોઈ શકે છે, પરંતુ પ્રાચીન ગ્રંથો અને જ્યોતિષશાસ્ત્રના આધારે આ ઘટનાને લઈને લોકમુખે અનેક ચર્ચાઓ શરૂ થઈ છે. સૂર્ય ફરતે આ પરિવેષ લગભગ પાંચ કલાક કરતાં વધુ સમય માટે સુરત અને ગાંધીનગરના આકાશમાં જોવા મળ્યુ હતું. સુરત અને ગાંધીનગરના આકાશમાં આજે સવારથી બપોરના સવા બાર સુધી સૂર્યની આસપાસ એક અદભૂત અને મનોહર પરિવેશ (વર્તુળ) જોવા મળ્યુ હતું, જેણે સૌ કોઈનું ધ્યાન ખેંચ્યું હતું. સામાન્ય રીતે ચોમાસાની ઋતુમાં સૂર્ય કે ચંદ્રની આસપાસ આવા કુંડાળા દેખાતા હોય છે, પરંતુ કાળઝાળ ગરમી કે શીત ઋતુમાં આવું દૃશ્ય સર્જાવવું અત્યંત વિરલ અને આશ્ચર્યજનક ખગોળીય ઘટના માનવામાં આવે છે. આ ગોલ્ડન અથવા સોનેરી રંગનો પરિવેશ આશરે પાંચ કલાક સુધી આકાશમાં અકબંધ રહ્યો હતો, જે જોતાં જાણે સૂર્યએ સોનાનું કંકણ ધારણ કર્યું હોય તેવું મનોહર દૃશ્ય સર્જાયું હતું. ઉનાળાના મધ્યમાં જોવા મળેલા આ અસામાન્ય અવકાશી નજારાને કારણે લોકોમાં કુતૂહલ જાગ્યું હતું અને સોશિયલ મીડિયા પર અનેક પ્રકારના તર્ક-વિતર્ક પણ શરૂ થયા હતા. આખરે પાંચેક કલાકના લાંબા સમય બાદ આ સોનેરી વર્તુળ ધીમે-ધીમે વિખેરાઈ ગયું હતું, પરંતુ તેની સુંદરતા લોકોના માનસપટ પર અંકિત થઈ ગઈ હતી.

### કેટલાકે ખાડી...

છે; જેમાં કેટલાક લોકો આ દૃશ્યને ખાડીના દેશોમાં ચાલી રહેલા યુદ્ધ અને અશાંતિ સાથે જોડીને તેને કોઈ અશુભ સંકેત માની રહ્યા છે, તો બીજી તરફ અનેક લોકો આને પ્રકૃતિના સંકેત તરીકે જોઈ આગામી વર્ષાઋતુના આગમન અથવા વરસાદના વરતારા સાથે જોડી રહ્યા છે. ઉનાળામાં દેખાયેલા આ સોનેરી કુંડાળાને કારણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર આવા વિવિધ તર્ક-વિતર્ક અને અટકળો વાળા મેસેજ વાયરલ થઈ રહ્યા છે, જેણે સામાન્ય નાગરિકોમાં કુતૂહલ અને આશ્ચર્ય બંને જગાવ્યા છે. કેટલાક શહેરીજનો વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ને કારણે રાજ્યમાં વરસાદ થવાની જે શક્યતા ઉભી થઈ છે તેની સાથે આ ઘટનાને જોડીને ચર્ચા કરી રહ્યા છે.

### આ ચોક્કસ...

છે. આ વાદળો પૃથ્વીની સપાટીથી ખૂબ ઊંચે (આશરે ૨૦,૦૦૦ ફૂટથી વધુ) હોય છે. તેમાં લાખો નાના બરફના કણો (Ice Crystals) રહેલા હોય છે. પ્રકાશનું વક્રીભવન એટલે કે જ્યારે સૂર્યના કિરણો આ બરફના કણોમાંથી પસાર થાય છે, ત્યારે તેનું ૨૨ ડિગ્રીના ખૂણે વક્રીભવન થાય છે. આ પ્રક્રિયાને કારણે સૂર્યની આસપાસ એક તેજસ્વી વલય કે કુંડાળું રચાય છે.

### વર્ણ અને...

આકાશમાં દેખાયેલા આ દ્રશ્યને અનેક લોકોએ પોતાના કેમેરામાં કેદ કર્યું હતું. જ્યોતિષીય માન્યતાઓ વચ્ચે વૈજ્ઞાનિકો આને ઊંચાઈ પર રહેલા બરફના સ્ફટિકો દ્વારા થતું પ્રકાશનું પરાવર્તન ગણાવી રહ્યા છે. કારણ ગમે તે હોય, પણ આ સોનેરી વલયે આજે સમગ્ર પાટનગરમાં કુતૂહલ અને ચર્ચા જગાવી છે.

### GST રિટર્નની...

મુજબ રિટર્ન ફાઈલિંગની સૌથી વ્યસ્ત સીઝનમાં પોર્ટલની સમસ્યાઓ વધતા કામ અટકી ગયું છે અને સમયમર્યાદા પહેલાં રિટર્ન ભરવાની ચિંતા વધી ગઈ છે. ટેક્સ પ્રોફેશનલ્સ કહે છે કે ડેડલાઈન નજીક આવી હોવા છતાં પોર્ટલની ધીમી ગતિને કારણે હજારો રિટર્ન બાકી છે. જો સમયસર સમસ્યા ઉકેલાશે નહીં તો વેપારીઓને દંડનો ભોગ બનવાનો ભય છે. વેપારીઓએ સરકારને સમયમર્યાદા વધારવા તેમજ પોર્ટલની ટેકનિકલ ક્ષમતા સુધારવાની માંગ કરી રહ્યાં છે.

# ટ્રેનમાં મુસાફરનો ફોન ચોરનાર બે પકડાયા

**રેલવે** પોલીસે પ્લેટફોર્મ નં.-1 પરથી બે ચોરને ઊંચકી લીધા



સુરતઃ રેલ્વે માં મુસાફરી કરતા પેસેન્જરોના કિંમતી સામાન અને મોબાઈલની ચોરી કરતા તત્વો સામે સુરત રેલ્વે પોલીસે લાલ આંખ કરી છે. મળતી માહિતી મુજબ, 16 એપ્રિલના રોજ એક મુસાફર નવજીવન એક્સપ્રેસના પાછળના જનરલ કોચમાં ચડવા જઈ રહ્યા હતા ત્યારે ભારે ભીડનો લાભ ઉઠાવી અજાણ્યા શખ્સોએ તેમના પેન્ટના ખિસ્સામાંથી ૧૨,૦૦૦ની કિંમતનો કાળા કલરનો મોબાઈલ ચોરી લીધો હતો.

આ અંગેની ફરિયાદ સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમાં નોંધાવતા પોલીસ ઈન્સ્પેક્ટર જે.બી. મીઠાપરા ના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ કરમસીંગ સકારામભાઈ એ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પ્લેટફોર્મ નંબર-૧ પરથી બેને પકડીને પોલીસે તેમની પૂછપરછ કરતા તેઓની ઓળખ 24 વર્ષીય અતહર અહેમદ ઈઝાજ અહેમદ અને 22 વર્ષીય આદીલ અબ્દુલ્લા આબીદ અખ્તર અંસારી તરીકે થઈ હતી. બંને મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના માલેગાંવના રહેવાસી હોવાનું બહાર આવ્યું છે. પોલીસે તેમની પાસેથી ચોરી કરાયેલો મોબાઈલ કબ્જે કર્યો હતો.

## અનુસંધાન... પાના પહેલાનું

### અદાણીની 'દોટ':...

વધ્યા હતા, જેની કુલ સંપત્તિ 3.56 બિલિયન ડોલર વધી હતી, જ્યારે ગઈકાલે રિલાયન્સનો શેર સપાટ રહ્યો હતો. વૈશ્વિક સ્તરે સંપત્તિના ઘટાડાની વાત કરીએ તો, ટોચના 20 ધનિકોમાંથી 7 અબજોપતિઓએ મોટું નુકસાન વેઠ્યું છે. ફ્રેન્ચ ઉદ્યોગપતિ બર્નાર્ડ આર્નોલ્ટને સૌથી વધુ ફટકો પડ્યો છે, જેમણે આશરે 44 બિલિયન ડોલર ગુમાવ્યા છે. આ ઉપરાંત સ્ટીવ બાલ્મર, લેરી એલિસન, બિલ ગેટ્સ અને વોરેન બફેટ જેવા દિગ્ગજોની સંપત્તિમાં પણ ઘટાડો નોંધાયો છે. આ અસ્થિર બજારમાં પણ ગૌતમ અદાણીએ પોતાની સ્થિતિ મજબૂત કરીને એશિયામાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એલન મસ્ક 656 બિલિયન ડોલર સાથે વિશ્વના ટોપ ધનિક રહ્યા છે. જેઓની સંપત્તિમાં 36.7 બિલિયન ડોલરનો વધારો થયો છે. ત્યારબાદ ગુગલના સહ સ્થાપક લેરી પેજ 286 બિલિયન ડોલરની સંપત્તિ સાથે બીજા ક્રમે રહ્યા છે.

### મહિલા અનામતઃ...

આ દરમિયાન વિપક્ષે શુક્રવારે સંસદમાં સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે 2023નો કાયદો લાગુ જ નહોતો, તો તેમાં સુધારાનું બિલ કેવી રીતે લાવવામાં આવ્યું? કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલે જણાવ્યું હતું કે આ નોટિફિકેશન રાત્રે લગભગ 10 વાગ્યે બહાર પાડવામાં આવ્યું હતું, જ્યારે તે પહેલા જ સુધારા બિલ રજૂ કરીને તેના પર ચર્ચા શરૂ થઈ ગઈ હતી! મહિલા અનામત બિલ 2023માં લોકસભા અને રાજ્યસભામાં પસાર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રાષ્ટ્રપતિએ પણ મંજૂરી આપી દીધી હતી, પરંતુ તેમ છતાં આ કાયદો બંધારણનો ભાગ બન્યો નહોતો. કારણ કે કોઈ પણ કાયદો ત્યાં સુધી લાગુ ગણાતો નથી જ્યાં સુધી સરકાર ગેઝેટમાં તેને લાગુ કરવાની તારીખ સૂચિત ન કરે. હવે નોટિફિકેશન જાહેર થયા પછી કાયદો તો લાગુ થઈ ગયો છે, પરંતુ તેને હાલની લોકસભામાં લાગુ કરી શકાશે નહીં. કાયદાની વર્તમાન જોગવાઈઓ મુજબ, આગામી વસ્તી ગણતરી અને તેના આધારે મતક્ષેત્રોનું ફેરસીમાંકન કરવામાં આવશે. ત્યારબાદ જ અનામત લાગુ થશે. જોકે, સરકાર 2011ની વસ્તી ગણતરીના આધારે સીમાંકન કરીને મહિલા અનામતને 2029ની ચૂંટણીથી જ લાગુ કરવા માંગે છે. આ માટે સરકારે સંસદમાં ત્રણ નવા બિલ રજૂ કર્યા છેઃ બંધારણ (131મો સુધારો) વિધેયક, 2026; સીમાંકન વિધેયક, 2026 અને કેન્દ્રશાસિત પ્રદેશ કાયદો સુધારા વિધેયક, 2026. આ ત્રણ બિલો પસાર કરાવવા માટે સરકારે 16 એપ્રિલથી 18 એપ્રિલ 2026 સુધી સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું છે. ખરેખર તો, સીમાંકન સુધારા બિલ હેઠળ સરકાર લોકસભાની બેઠકોની સંખ્યા 543 થી વધારીને 816 કરવાની યોજના બનાવી રહી છે. આ બાબતે મોટો વિવાદ ઉભો થયો છે.

### હવે ટ્રમ્પ પોતે...

કહ્યું, હું જઈશ. પાકિસ્તાન શાનદાર રહ્યું છે. તેઓ ખૂબ જ સારા રહ્યા છે. ઈસ્લામાબાદ... હું કદાચ જઈશ, હા. જો ઈસ્લામાબાદમાં કરાર પર હસ્તાક્ષર થશે, તો હું કદાચ જઈશ. તેઓ હાલમાં ઉપપ્રમુખ જેડી વેન્સને સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશ્નરની સાથે શાંતિ વાટાઘાટોનું નેતૃત્વ કરવા મોકલી રહ્યા છે. અમેરિકી પ્રમુખે પાકિસ્તાનના નેતાઓના અને સૈન્ય નેતૃત્વના ખૂબ વખાણ કર્યા હતા, ખાસ કરીને વડાપ્રધાન શહબાઝ શરીફ અને આર્મી ચીફ અસીમ મુનીરના નામ લીધા હતા. ટ્રમ્પે ઉમેર્યું, તેમના ફિલ્ડ માર્શલ શાનદાર છે, અને વધુમાં કહ્યું કે વડાપ્રધાન ખરેખર ખૂબ સારા રહ્યા છે.

'મારે જે સાચું છે તે જ કરવું પડશે. પોપે તે સમજવું પડશે. બહુ સરળ વાત છે, મારે પોપ સામે કંઈ લેવા-દેવા નથી. 'હું તેમની સાથે લડી રહ્યો નથી. પોપે એક નિવેદન આપ્યું હતું. તેઓ કહે છે કે ઈરાન પાસે પરમાણુ હથિયાર હોઈ શકે છે.' એમ ટ્રમ્પે પોપ વિશે કહ્યું હતું.

### યુદ્ધના મોજાં શાંત...

સંપૂર્ણપણે ખુલ્લી છે અને જહાજોને પસાર થવા દેવા માટે તૈયાર છે. આભાર! અમેરિકા અને ઈઝરાયેલ સાથેના સંઘર્ષ બાદ ઈરાને હોર્મુઝની સામુદ્રધુનીને અસરકારક રીતે બ્લોક કરી દીધી હતી, જેનાથી વૈશ્વિક ઉર્જા પુરવઠો ખોરવાઈ ગયો હતો. જો કે, ટ્રમ્પે કહ્યું હતું કે જ્યાં સુધી તેહરાન યુદ્ધનો અંત લાવવા માટે અમેરિકા સાથે સમજૂતી ન કરે ત્યાં સુધી ઈરાન વિરુદ્ધ નૌકાદળની નાકેબંધી પૂર્ણ રીતે અમલમાં રહેશે. તેમણે ઉમેર્યું કે, હોર્મુઝની સામુદ્રધુની વ્યવસાય અને અવરજવર માટે સંપૂર્ણપણે ખુલ્લી છે, પરંતુ ઈરાન સાથેનો અમારો વ્યવહાર 100% પૂર્ણ ન થાય ત્યાં સુધી નૌકાબંધી ફક્ત ઈરાન પૂરતી જ અમલમાં રહેશે. આ પ્રક્રિયા ખૂબ જ ઝડપથી આગળ વધવી જોઈએ કારણ કે મોટાભાગના મુદ્દાઓ પર વાટાઘાટો થઈ ચૂકી છે. ઈરાને જણાવ્યું છે કે યુદ્ધવિરામ અમલમાં રહેશે ત્યાં સુધી હોર્મુઝનો જળમાર્ગ ખુલ્લો રહેશે જ્યારે ટ્રમ્પે જણાવ્યું છે કે હવે હોર્મુઝનો ઉપયોગ શસ્ત્ર તરીકે નહીં કરવા માટે અને તે કાયમ ખુલ્લો રાખવા માટે ઈરાન તૈયાર થયું છે. એમ પણ જણાવવામાં આવ્યું છે કે અમેરિકાની મદદથી ઈરાન હોર્મુઝની ખાડીમાંથી સમુદ્રી સુરંગો દૂર કરી રહ્યું છે.

આ ઘટનાક્રમ પાકિસ્તાનના ચીફ ઓફ ડિફેન્સ ફોર્સ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરે અમેરિકા અને ઈરાન વચ્ચેના સંઘર્ષને ઉકેલવાના ઈસ્લામાબાદના પ્રયાસોના ભાગરૂપે તેહરાનમાં ઈરાનના ટોચના નેતૃત્વ સાથે વાતચીત કર્યાના એક દિવસ પછી આવ્યો છે. મુનીરે ગુરુવારે ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયન, સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘેર ગાલિબાફ અને ટોચના રિવોલ્યુશનરી ગાર્ડ્સ કમાન્ડરો સાથે મુલાકાત કરી હતી. મુનીર ગયા અઠવાડિયે ઈરાન અને અમેરિકા વચ્ચે થયેલા બે અઠવાડિયાના યુદ્ધવિરામ બાદ તેહરાનની મુલાકાત લેનારા પ્રથમ વિદેશી સૈન્ય નેતા છે. ઈરાની મીડિયા મુજબ, પાકિસ્તાની પ્રતિનિધિમંડળની મુલાકાતનો હેતુ ઈરાની નેતૃત્વને અમેરિકાનો સંદેશ પહોંચાડવાનો અને આગામી રાઉન્ડની વાટાઘાટોનું આયોજન કરવાનો હતો. આ સંઘર્ષ 28 ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરાયેલા હુમલા બાદ શરૂ થયો હતો, જેમાં ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેની અને અનેક ટોચના કમાન્ડરો માર્યા ગયા હતા. અમેરિકા અને ઈરાન વચ્ચેનો વર્તમાન યુદ્ધવિરામ 21 એપ્રિલે સમાપ્ત થશે.

### હોર્મુઝનો માર્ગ...

ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 678 પોઈન્ટ અથવા 1.4 ટકા ઉપર હતો, એક તબક્કે તે ૧૦૨૦ પોઈન્ટ જેટલો વધ્યો હતો. નાસ્ડેક કમ્પોઝિટ 1 ટકા ઊંચો હતો. અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધ છતાં બંને દેશો વૈશ્વિક અર્થતંત્ર માટેની અત્યંત ખરાબ પરિસ્થિતિને ટાળી શકશે તેવી આશામાં માર્ચના અંતમાં જોવા મળેલી નીચી સપાટીથી અત્યાર સુધીમાં શેરોમાં 11 ટકાથી વધુનો ઉછાળો આવ્યો છે. હોર્મુઝની સામુદ્રધૂની ફરી ખુલવી એ આશાવાદ માટેનો અત્યાર સુધીનો સૌથી સ્પષ્ટ સંકેત છે, અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે મોડી રાત્રે એક ભાષણમાં જણાવ્યું હતું કે આ યુદ્ધ ખૂબ જ જલ્દી સમાપ્ત થવું જોઈએ. બેન્ચમાર્ક યુએસ ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ 10.8 ટકા ઘટીને 81.28 ડોલર પર આવી ગયો છે. આંતરરાષ્ટ્રીય સ્તરના બ્રેન્ટ ક્રૂડના ભાવમાં 10.5%નો ઘટાડો થયો અને તે 88.96 ડોલર પર પહોંચ્યો. જો કે, તે હજુ પણ યુદ્ધ પૂર્વેના 70 ડોલરના સ્તર કરતા ઉપર છે, જે દર્શાવે છે કે નાણાકીય બજારોમાં હજુ પણ થોડી સાવધાની પ્રવર્તી રહી છે.

વિદેશી શેરબજારોમાં, હોર્મુઝની સામુદ્રધૂની અંગે ઈરાનની જાહેરાત બાદ યુરોપના શેરબજારોમાં ઉછાળો જોવા મળ્યો હતો. ફ્રાન્સનો CAC 40 ઈન્ડેક્સ 2 ટકા અને જર્મનીનો DAX 2.2 ટકા વધ્યો હતો. એશિયામાં, જ્યાં આ જાહેરાત પહેલા ટ્રેડિંગ પૂર્ણ થઈ ગયું હતું ત્યાં સૂચકાંકો નબળા રહ્યા હતા; જેમાં જાપાનનો નિક્કી 225 1.8 ટકા અને હોંગકોંગનો હેંગસેંગ 0.9 ટકા ઘટ્યો હતો. બોન્ડ માર્કેટમાં, તેલના ભાવમાં ઘટાડો થવાથી મોંઘવારીનું દબાણ ઘટ્યું અને ટ્રેઝરી યીલ્ડમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો. 10 વર્ષના ટ્રેઝરી બોન્ડના યીલ્ડ ગુરુવારે મોડી રાત્રે 4.32 ટકા હતા જે ઘટીને 4.24 ટકા પર આવી ગયા હતા.

### મહિલા અનામત...

બહુમતી મેળવવામાં નિષ્ફળ ગયા પછી, કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ સ્પીકર ઓમ બિરલાને અન્ય બે ખરડાઓ - 'સીમાંકન બિલ, 2026' અને 'કેન્દ્રશાસિત પ્રદેશ કાયદા (સુધારો) બિલ, 2026' બાબતે આગળ ન વધવા વિનંતી કરી હતી. આ ઘટનાક્રમ 16 થી 18 એપ્રિલ સુધી બોલાવવામાં આવેલા સંસદના ત્રણ દિવસીય વિશેષ સત્ર દરમિયાન સામે આવ્યો છે, જે નારી શક્તિ વંદન અધિનિયમ અથવા મહિલા અનામત અધિનિયમમાં સુધારા કરવા માટે બોલાવવામાં આવ્યું હતું. આ કાયદો લોકસભા અને રાજ્યની વિધાનસભાઓમાં મહિલાઓ માટે 33 ટકા અનામતની જોગવાઈ કરે છે. આ ખરડો પરાસ્ત થયા બાદ સ્પીકર ઓમ બિરલાએ ગૃહને દિવસભર માટે મોકૂફ રાખ્યું હતું અને શનિવારે બેઠક ફરીથી મળશે તેવી જાહેરાત કરી હતી. સૂચિત સુધારાઓનો ઉદ્દેશ્ય 2029 સુધીમાં ક્વોટાના અમલીકરણને સક્ષમ બનાવવાનો હતો. આ સુધારાઓ દ્વારા આગામી સામાન્ય ચૂંટણીઓ પહેલા અનામત માળખાને કાર્યરત કરવા માટે લોકસભાની બેઠકોની સંખ્યા વર્તમાન 543 થી વધારીને 850 કરવાની પણ માંગ કરવામાં આવી હતી. યોજનાના ભાગરૂપે, છેલ્લી જાહેર થયેલી વસ્તી ગણતરીના આધારે સીમાંકન કરવાનું નક્કી કરાયું હતું, જે પગલાનો વિપક્ષ દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. અનેક વિપક્ષી દળોએ સંસદમાં આ સુધારાઓનો વિરોધ કર્યો અને કેન્દ્ર સરકાર પાસે તેને પાછા ખેંચવાની માંગ કરી હતી. બીજી તરફ, ભાજપે લોકસભા અને રાજ્યની વિધાનસભાઓમાં મહિલાઓ માટે 33 ટકા બેઠકો અનામત રાખવા માટે જોરદાર ભાર મૂક્યો હતો. સરકારના પક્ષે મોરચો સંભાળતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષની ચિંતાઓને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો અને ખાતરી આપી હતી કે લોકસભાની બેઠકોના સૂચિત વિસ્તરણથી દક્ષિણના રાજ્યોને કોઈ ગેરફાયદો થશે નહીં. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગૃહમાં જણાવ્યું હતું કે જ્યારે લોકસભાની બેઠકો 543 થી વધીને લગભગ 816 થશે, ત્યારે દક્ષિણના રાજ્યોનું પ્રતિનિધિત્વ સુરક્ષિત રહેશે અને તેમાં મામૂલી વધારો પણ જોવા મળી શકે છે.

### મોદીજી અને મને...

કરી કે તેમને અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્નીનો કોઈ પ્રશ્ન નથી. આ ટિપ્પણી સાંભળીને આખું ગૃહ હાસ્યમાં ડૂબી ગયું હતું. આના થોડા સમય બાદ ગાંધીએ બીજી એક રમૂજી વાત કરી હતી કે તેમની બહેન અને કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ ગુરુવારે એ કરી બતાવ્યું જે તેઓ પોતાની આખી રાજકીય કારકિર્દીમાં કરી શક્યા નથી. ગાંધીએ કહ્યું, ગઈકાલે મેં જોયું કે મારી બહેને પાંચ મિનિટમાં એ કરી બતાવ્યું જે હું કદાચ મારી 20 વર્ષની રાજકીય કારકિર્દીમાં કરી શક્યો નથી અને તે હતું શ્રી અમિત શાહજીના ચહેરા પર સ્મિત લાવવાનું." આ સાંભળીને લોકસભામાં ફરી એકવાર હાસ્યની લહેર દોડી ગઈ હતી. ઉલ્લેખનીય છે કે ગુરુવારે પ્રિયંકા વાડ્રાએ ભાષણ દરમિયાન કહ્યું હતું કે, "જો આજે ચાણક્ય જીવિત હોત, તો તમારી ચાલાકી જોઈને તેઓ પણ સ્તબ્ધ થઈ ગયા હોત. નોંધનીય છે કે અમિત શાહને વારંવાર ભારતીય રાજકારણના 'ચાણક્ય' તરીકે ઓળખવામાં આવે છે. પ્રિયંકાની આ ટિપ્પણી પર ગૃહ મંત્રી અને ભાજપના અન્ય સાંસદો ખડખડાટ હસી પડ્યા હતા.

### રાહુલે ૧૬ના આંકનો...

વડાપ્રધાનને બોલતા જોઈ રહ્યો હતો. લો એનર્જી (ઓછો ઉત્સાહ), તૂટેલા મનથી. કંઈ જ ટ્રાન્સમિટ થઈ રહ્યું નહોતું. કોંગ્રેસ નેતાએ કહ્યું કે ત્યારે તેમનું ધ્યાન ગયું કે તે 16 એપ્રિલ હતી. રાહુલે વધુમાં ઉમેર્યું, હવે જો કોઈને મારી વાત સમજાતી હોય, તો કૃપા કરીને મને મેસેજ કરો અને ટ્વિટર પર જણાવો કે તે શું છે... તે નંબર 16 માં છે. જ્યારે લોકો 16 એપ્રિલનો અર્થ શું થાય તે વિશે પાગલની જેમ અંદાજો લગાવી રહ્યા હતા, ત્યારે કોંગ્રેસના સત્તાવાર X હેન્ડલ પરથી એક સંકેત આપવામાં આવ્યો હતો. તેમાં લખ્યું હતું, સિક્સટીન(Sixteen)નો ઉચ્ચાર એપ્સટીન(Epstein) જેવો લાગે છે, નહીં?!

### ભાજપની મહિલા...

પરંતુ તેમને વડાપ્રધાન મોદી પર પૂરો વિશ્વાસ છે કે સરકાર આ બિલ ફરી લાવશે. આ પ્રસ્તાવિત સુધારા મુજબ, 2029ની ચૂંટણી પહેલા લોકસભાની બેઠકો 543થી વધારીને મહત્તમ 850 કરવાની અને મહિલાઓને 33 ટકા અનામત આપવાની યોજના હતી.